सत्यमेव जयते

**Received on : ૧૪–૨–૨૦૨૦**
**Registered on: ૧૪–૨–૨૦૨૦**
**Decided on :**
**Duration: Year Month Day**

## પોરબંદરના નામદાર સ્પે. જજ (એટ્રો.) અને એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં

**સ્પે. (એટ્રો ) કેસ નં. ૫/૨૦૨૦**

શ્રી સરકાર ..... ફરીયાદી.

**વિરુધ્ધ**

આકાશ ભીખુભાઇ જુંગી,
ઉ.વ. ૨૭, ધંધો : મચ્છીકામ,
રહે. પ્રાગાબાપાના આશ્રમ પાસે,
લક્ષ્મીનગર સોસાયટી,
પોરબંદર. .....આરોપી.

**ગુન્હો : આઇ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨) (૫–એ) મુજબ.**

:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::
**ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી એ. જે. લીલા.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી જે.પી. ગોહેલ.**
:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::

## : JUDGEMENT :

(૧) આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુન્હાનું તહોમત છે.

(૨) આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે અને આરોપી અનુસુચિત જાતિ કે જનજાતિના સભ્ય નથી. આરોપીએ તા. ૧૬–૧૨–૧૯ ના રોજ બપોરના ૧૪–૩૦ થી ૧૫–૦૦ વાગ્યાના અરસામાં લકડી બંદર વિસ્તારમાં આ કામના ફરીયાદી સાહેદ પ્રવિણભાઇ ભરતભાઇ સાદીયા સાથે તેઓના કાકાને ત્યાં જતા હતાં ત્યારે આરોપીએ ઉપરોકત સ્થળે આવી ફરીયાદીને મચ્છીના રુા. પાંચ લાખ આપવાનું કહેતા ફરીયાદીએ કહેલ કે પોતે કોઇ મચ્છી લીધેલ નથી જેથી આરોપીએ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી ફરીયાદી તથા સાહેદને ઢીકકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ગુન્હાહીત ધમકી આપેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોય જેથી ફરીયાદીએ ઉપરોકત મુજબની ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ કિર્તીમંદિર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. સેકન્ડ ૨૪૯/૨૦૧૯ થી ગુન્હો રજીસ્ટર કરી, આ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીને હાલના ગુનાની તપાસ સોંપતા ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા મુદ્દામાલ કબજે કરેલ તેમજ સાહેદોના નિવેદન નોંધી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા હકુમત ધરાવતી અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવતા તે રજીસ્ટરે લઇ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ કરેલ જેને સ્પે. કેસ નં. ૫/૨૦૨૦ થી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા આરોપી વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮(૧)(બી) હેઠળ મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા આંક–૧૫ થી તહોમતનામુ ફરમાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૨) હેઠળ આરોપીને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવેલ છે. આંક–૧૬ થી નોંધવામાં આવેલ પ્લીથી આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલ છે, જેથી આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કેસમાં ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## મૌખીક પુરાવાઓ :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજજો | આંક |
|---|---|---|---|
| ૧. | નારણભાઇ મુરુભાઇ રાઠોડ | પંચ સાહેદ | ૨૧ |
| ૨. | નરેન્દ્રભાઇ વિંજાભાઇ ટોડરમલ | પંચ સાહેદ | ૨૩ |
| ૩. | મહેશ લખુભાઇ મારુ | પંચ સાહેદ | ૨૫ |
| ૪. | મયુરભાઇ જીવાભાઇ ભાદરવડા | ફરીયાદી | ૩૪ |
| ૫. | દિનેશભાઇ માલદેભાઇ સાદીયા | પંચ સાહેદ | ૩૭ |
| ૬. | આશીષભાઇ ગોવિંદભાઇ મકવાણા | સાહેદ | ૪૪ |
| ૭. | જયેશ લાલજીભાઇ ઠકરાર | સાહેદ | ૪૭ |
| ૮. | પુષ્પાબેન હરીશભાઇ કોટીયા | સાહેદ | ૫૧ |
| ૯. | કેશુભાઇ મુળુભાઇ કુછડીયા | સાહેદ | ૫૪ |
| ૧૦. | ડો. નિરાલીબેન રાજશીભાઇ ઓડેદરા | મેડીકલ ઓફીસર | ૫૯ |
| ૧૧. | જીવીબેન હાજાભાઇ કડછા | પોલીસ સાહેદ | ૬૩ |
| ૧૨. | મોહનભાઇ દેવશીભાઇ ચૌધરી | ફરીયાદ લેનાર પોલીસ સાહેદ | ૬૮ |
| ૧૩. | અશોકકુમાર રાયચંદદાસ પટેલ | ત.ક.અ. | ૭૩ |

## દસ્તાવેજી પુરાવાઓ :

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૨૨ |
| ૨. | આરોપીનું અટક પંચનામુ | ૨૬ |
| ૩. | ફરીયાદ | ૩૫ |
| ૪. | ફરીયાદીની અરજી તથા દસ્તાવેજો | ૪૮ |
| ૫. | ફરીયાદીના અનુ. જાતિના દાખલાની નકલ | ૪૯ |
| ૬. | આરોપીના સ્કુલ લીવીંગ સર્ટી.ની નકલ | ૫૨ |
| ૭. | અનુ. જાતિના દાખલાનું રજીસ્ટર | ૫૫ |
| ૮. | સાહેદના અનુ. જાતિના દાખલાની નકલ | ૫૬ |
| ૯. | ફરીયાદીનું ઈન્જરી સર્ટી. | ૬૦ |
| ૧૦. | તપાસનો ડે. હુકમ | ૬૪ |
| ૧૧. | તપાસનો મેસેજ ફોર્મ | ૬૫ |
| ૧૨. | ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૬૬ |
| ૧૩. | સ્ટેશન ડાયરીની ઓનલાઇન નકલ | ૬૭ |
| ૧૪. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૭૪ |

(૬) ફરીયાદપક્ષ તરફથી આંક–૭૭ ની પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રુબરુમાં લેવામાં આવેલ હોવાની હકીકત ખરી હોવાનું જણાવેલ છે. તેમજ આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને બચાવનો કોઈ પુરાવો આપેલ નથી. અને આરોપીને તમારે વિશેષમાં કાંઇ કહેવુ છે તેમ પુછવામાં આવતા તેઓએ જવાબમાં જણાવેલ છે કે, અમો તદન નિર્દોષ છીએ. કહેવાતા આક્ષેપ

મુજબનો કોઇ ગુન્હો અમોએ કરેલ નથી. અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે. ''

(૮) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલા તથા આરોપી તરફે વિ.વ. શ્રી જે. પી. ગોહેલની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) આ કેસમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે ? |
| | |
| ૨. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૧૬–૧૨–૧૯ ના રોજ બપોરના ૧૪–૩૦ થી ૧૫–૦૦ વાગ્યાના અરસામાં લકડી બંદર વિસ્તારમાં આ કામના ફરીયાદી સાહેદ પ્રવિણભાઇ ભરતભાઇ સાદીયા સાથે તેઓના કાકાને ત્યાં જતા હતાં ત્યારે આરોપીએ ઉપરોકત સ્થળે આવી ફરીયાદીને મચ્છીના રૂા. પાંચ લાખ આપવાનું કહેતા ફરીયાદીએ કહેલ કે પોતે કોઇ મચ્છી લીધેલ નથી જેથી આરોપીએ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો આપી ફરીયાદી તથા સાહેદને ઢીકકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ગુન્હાહીત ધમકી આપેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ અને તેમ કરીને ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર) (એસ), ૩(૨)(૫–એ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| | |
| ૩. | શુ હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

**: નિર્ણયના કારણો :**

**મુદા નં. ૧ અને ર :–**

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સની જોગવાઇ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઇપણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૧ર) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૪ ફરીયાદી મયુરભાઇ જીવાભાઇ ભાદરવડાને આંક–૩૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ આશરે ચારેક વર્ષ પહેલા પોરબંદરના લકડીબંદર વિસ્તારમાં બપોરના અરસામાં બનેલો. બનાવ સમયે હું તુંબડા વિસ્તારમાં મારા કાકાને ઘરે ગયેલો અને ત્યાંથી પરત આવતો હતો અને લકડીબંદર વિસ્તારમાં પહોંચેલો ત્યારે આકાશ ભીખુભાઇ જુંગીએ મારુ મો.સા. રોકાવેલ અને મને કહેલ કે મારા મચ્છીના પાંચ લાખ રૂપિયા આપી દે, તેમ કહેતા મે કહેલ કે મારે પાંચ લાખ કોઇ દેવાના થતા નથી, તેમ કહેતા આકાશે માર જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલેલા, અને મારો મિત્ર પ્રવિણ મારી સાથે હતો તેણે આકાશને કહેલ કે જ્ઞાતિ પ્રત્યે અપશબ્દો બોલોમાં તો આકાશે પ્રવિણને બે ઝાપટ મારેલી અને હું વચ્ચે પ્ર વિણને છોડાવવા પડતા મને આકાશે ઢીકાપાટુનો માર મારેલ અને કહેલ કે ઢ ેઢા આજ તો તને જવા દઉ છુ, મારા પાંચ લાખ આપી દે જે નહિત તને મારી

નાખીશ તેવી ધમકી આપેલી. મારો મિત્ર આશિષ આવેલ અને અમને ભાવસિંહજી હોસ્પીટલ  ખાતે સારવારમાં લઇ ગયેલ. બનાવ બાબતે મે પોલીસ ફરીયાદ આપેલી.  તેવી હકીકત જણાવેલ તેમ જણાવે છે અને આંક–૩૫ થી ફરીયાદ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, મે આ ફરીયાદ પહેલા એટ્રોસીટીની એકપણ ફરીયાદ આપેલી નથી. હું વિસાવાડા ગામના માલદે પુંજાભાઇ મોઢવાડીયાને ઓળખતો નથી. મે માલદે પુંજા મોઢવાડીયા સામે એટ્રોસીટીની ફરીયાદ કરેલ નથી. એ વાત ખરી નથી કે મે માલદે પુંજા મોઢવાડીયા સામે એટ્રોસીટીની ફરીયાદ કરેલ હોય તેમ છતા હું ખોટુ બોલુ છુ. એ વાત ખરી છે કે મારી સામે હથિયારધારાનો કેસ થયેલો છે. એ વાત ખરી નથી કે મારી પાસેથી તમંચો કબ્જે કરવામાં આવેલ હોય. હું આકાશભાઇ સાથે નોકરી કરતો હોઉ જેથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે મે તેની સાથે ત્રણ વર્ષ જેટલો સમય નોકરી કરેલી. એ વાત ખરી નથી કે આ નોકરી દરમ્યાન નોકરી છોડી અને અમે મચ્છીનો ધંધો કરતા હતા. એ વાત ખરી નથી કે અલી મહમદ ફીશ સેન્ટરમાં હું પાર્ટનર હતો. એ વાત ખરી નથી કે મે એક વખત રૂા. ૨,૫૦,૦૦૦/– તથા બીજી વખતે રૂા. ૨,૫૦,૦૦૦/– ની મચ્છી આરોપી પાસેથી  ખરીદેલી. એ વાત ખરી છે કે મો.નં. ૮૨૬૪૭૮૬૭૦૦ વાળા નંબર મારા છે. સાહેદ ખુલાસામાં જણાવે છે કે મારો મોબાઇલ નંબર આરોપી પાસે સેવ્ડ હતો જેથી તે લખાવી શકે. હું અલીભાઇને ઓળખુ છુ. એ વાત ખરી નથી કે અલી મહમદ ફીશ સેન્ટર છે તેમા મારુ તથા અલીભાઇનુ જોઇન્ટ નામ છે. મને અલીભાઇના ફોન નં બરની ખબર નથી. એ વાત ખરી નથી કે મારી સામે નેગોશ્યેબલ ઇન્સ્ટ્રુ. એકટ મુજબનો ચેક રીટર્નનો કેસ થયેલ છે.  એ વાત ખરી નથી કે ચીફ જયુડી. મેજી. કોર્ટમાં અમારી પેઢી અલી મહમદ ફીશ સેન્ટર સામે ચેક રીટર્નનો કેસ ચાલે છે. એ વાત ખરી છે કે હું બોમ્બે મચ્છી સપ્લાઇ કરતો હતો. એ વાત ખરી છે કે પોરબંદરના સપ્લાયરો મને બોમ્બે માલ મોકલતા. એ વાત ખરી નથી કે હું આકાશભાઇ પાસેથી માલ મેળવી બોમ્બે સપ્લાય કરતો હોઉ છતા નહી કરતા હોવાની હકિકત ખોટી જણાવુ છુ. એ વાત ખરી નથી કે નેગોશ્યેબલનો કેસ થયા પછી હું કે મારા બાપુજી આકાશભાઇને મળવા ગયેલા. એ વાત ખરી

નથી કે આ એટ્રોસીટીનો કેસ કર્યા પહેલા હું અને પ્રવિણભાઇ આકાશભાઇની વખારે ગયેલા. એ વાત ખરી નથી કે આકાશભાઇના વખારે જઇ મે અને પ્ર વિણભાઇએ એવી ધમકી આપેલ કે જો તમે નેગોનો કેસ પાછો ના ખેંચો તો હું એટ્રોસીટીની ફરીયાદ તમારા પર કરીશ. એ વાત ખરી નથી કે આવી ધમકી આ પ્યા બાદ હાલની આ ફરીયાદ કરેલી. એ વાત ખરી છે કે કહેવાતો બનાવવાળી જગ્યા જાહેર રસ્તો છે અને ત્યાં સામે પાનની દુકાન પણ આવેલ છે. એ વાત ખરી નથી બનાવ વખતે આરોપી ત્યાં હાજર ન હતા અને મને કે મારી સાથેના કોઇ ઇસમને ઢીકાપાટુનો કોઇ માર પણ મારેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીએ મને કે મારી સાથેના કોઇ ઇસમને કોઇ ગાળો કાઢેલ નથી. એ વાત ખરી નથી કે કઇ ગાળો કાઢેલી તે હકિકત ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે ગાળોની હકિકતની જણાવેલ ન હોવા છતા ખોટુ બોલુ છુ. એ વાત ખરી છે કે આ મે એટ્રોસીટીની ફરીયાદ કર્યા બાદ મને મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. મે તથા પ્ર વિણભાઇએ ભાવ. હોસ્પી. માં સારવાર લીધેલી. એ વાત ખરી નથી કે મારા શરીર પર ઇજાના કોઇ નિશાન ન હતા. એ વાત ખરી નથી કે મને આવી કોઇ ઇજા થયેલ ન હોવા છતા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે બનાવ વખતે આરોપી મને ઢેઢા કહેલ હોય તેવુ બનેલ નથી. બનાવ બન્યો ત્યારે ઘણા બધા રીક્ષાવાળા ત્યાં ભેગા થઇ ગયેલ. એ વાત ખરી છે કે બનાવ દેવીકારાના વખારની બાજુમાં બનેલો. એ વાત ખરી છે કે પ્રવિણભાઇ મારા મિત્ર છે. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં સાક્ષી મારા મિત્ર પ્રવિણભાઇ તથા મારા સગા સંબંધી છે. મને એટ્રો. ની ફરીયાદ બાદ સરકાર તરફથી રૂા. ૭૫,૦૦૦/– વળતર પેટે મળેલા. એ વાત ખરી નથી કે આવી ફરીયાદ કરવા તથા વળતર મેળવવાની ટેવ વાળો છુ. એ વાત ખરી નથી કે આરોપી આકાશે મને માર મારેલો હોય, ગાળો આપેલ હોય, જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરેલ હોય તેવુ કશુ બનેલ નથી માત્ર આરોપીને પ્રેશેરાઇઝડ કરવા માટે હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

(૧૩) આ કામે ફરીયાદપક્ષના સાહેદ આશીષભાઇ ગોવિંદભાઇ મકવાણાને આંક–૪૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો વં ચાણે લેતા તેઓ જણાવે છે કે, હું આ કામના ફરીયાદી મયુર જીવાભાઇ

ભાદરવડાને ઓળખુ છુ. તે અમારા લતા વિરડી પ્લોટ વિસ્તારમાં રહે છે. મયુરનો બનાવ આશરે ચારેક વર્ષ પહેલાં લકડીબંદર વિસ્તારમાં બપોરના અરશામાં બનેલો. બનાવ સમયે હું જાવર ગામેથી વિરડી પ્લોટમા મારા ઘરે જતો હતો ત્યારે લકડીબંદરમાં દેવી કારાના વખાર પાસે મયુર જીવાભાઇ તથા આકાશ (આરોપી) ઝઘડો કરતા હતા જેથી મે મારુ મો.સા. સાઇડમાં રાખી બંનેને ઝઘડો કરતા છોડાવેલ આ દરમ્યાન આકાશ, મયુરને રૂપિયાની બાબતે ગાળો કાઢતો હતો અને મયુરને માર મારતો હતો જેથી મે આકાશને પકડી રાખી આ દરમ્યાન ઘણા માણસો ભેગા થઇ ગયેલા અને મયુરને ધમકી આપતો ગયેલ કે હવે પછી બીજી વખતે મને કયાંય સામો મળતો નહી તેમ કહી જતો રહેલ. મયુરનો બનાવ બનેલ ત્યારે ત્યાં પ્ર વિણ સાદિયા પણ હાજર હતો. મયુરને મારામારીમા ઈજા થતા તેને સરકારી દવાખાને સારવારમાં લઇ ગયેલ.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, બનાવ કઇ તારીખે બનેલો તે મને યાદ નથી. એ વાત ખરી નથી કે હું સુભાષનગર તરફથી મારા ઘર તરફ આવતો હતો. એ વાત ખરી નથી કે મે બનાવના દિવસે આકાશને જોયેલ જ નથી. એ વાત ખરી છે કે બનાવવાળો રસ્તો જાહેર રસ્તો છે અને ત્યા માણસોની તથા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યાયે મચ્છીના દંગા આવેલા છે. એ હકીકતની મને ખબર નથી કે ત્યા સીસીટીવી કેમેરા પણ લાગેલા છે. એ વાત ખરી છે કે મયુર મારી જ્ઞાતિનો છે અને મારા લતામા જ રહે છે. એ હકીકતનો મને ખ્યાલ નથી કે અનુ.જાતિના આગેવાનોએ પોલીસ સ્ટેશને ધરણા આપતા આ ફરીયાદ લીધેલી. હુ મયુરભાઇને દસ-બાર વર્ષથી ઓળખુ છુ. બનાવ સમયે મયુર મચ્છીના કારખાનામાં કામ કરતો હતો. એ વાતની મને ખબર નથી કે મયુરભાઇએ એટ્રોસીટીની ઘણી ફરીયાદો કરેલી છે. એ વાતનો મને ખ્યાલ નથી કે ફરીયાદી અને આરોપી મિત્ર છે. એ વાતનો મને ખ્યાલ નથી કે ફરીયાદી અને આરોપી પાર્ટન્રશીપમાં મચ્છીનો ધંધો કરતા હતા. એ વાત ખરી છે કે પોલીસે મને નિવેદન લેવા માટે બોલાવેલ જ નથી. એ વાત ખરી છે કે પોલીસ અવાર-નવાર પંચનામામાં સહી લઇ જતી હોય છે.

મને બનાવ સમયે આકાશે કયાં કલરના કપડાં પહેરેલા તે યાદ નથી. એ વાત ખરી નથી કે મયુરભાઇ મારા મિત્ર થતા હોય ખોટી જુબાની આપુ છુ.

(૧૪) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ ડો. નિરાલીબેન રાજશીભાઇ ઓડેદરાને આંક–૫૯ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, હું ગઈ તા. ૧૬/૧૨/૧૯ ના રોજ બપોરના ૩/૫૦ વાગ્યે ભાવસિંહજી હોસ્પીટલ પોરબંદર ખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ પર હતી ત્યારે મયુર જીવાભાઈ ભાદ્દરવાડા ઉ.વ.૨૫, રહે. વિરડી પ્લોટ પોતાની જાતે પોલીસ યાદી વગર સારવાર માટે આવેલ હતા. દર્દી ભાનમાં હતા. દર્દીના કહેવા અનુસાર આકાશ જુંગીએ પાટુ અને ઢીકાથી લકડીબંદર પાસે ૪૫ મીનીટ પહેલાં માર મારેલ હતો. દર્દીને ૭ સે.મી.નું છોલાણ પાછળના જમણા લંબર ભાગમાં હતુ અને ૪×૩ સે.મી.નું છોલાણ જમણી છાતી પર કેલેવીકલ નામના હાડકાની નીચે હતુ. દર્દીના વાઈટલ્સ નોર્મલ હતા. ઉપરોકત ઈજાઓ તાજી હતી જે સખત બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. ઉપરોકત ઈજામા જો કોઈ કોમ્પ્લીકેશન ન થાય તો રૂઝાવવાનો સમય આશરે ૬ થી ૮ દિવસ હોય શકે. ઉપરોકત દર્દીને તા.૧૮/૧૨/૧૯ ના રોજ સવારે ૯/૦૦ કલાકે રજા આપવામાં આવેલ હતી. સદર દર્દીને થયેલ ઈજાઓ ઢીકા પાટુથી માર મારવામાં આવે તો થઈ શકે તેવી હતી. તેમ જણાવે છે અને આંક–૬૦ થી ઈન્ઝરી સર્ટી. રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે, મારી પાસે જે દર્દી આવેલ તે તા.૧૭/૧૨/૧૯ ના રોજ આવેલ હોય તેવું બનેલ. મે દર્દીને થયેલ ઈજા તથા તે બનાવ સંબંધીત પોલીસને જાણ કરેલી. એ વાત ખરી છે કે, મે જે દર્દીને તપાસેલ

તેની ઈજાઓ સાદી ઈજા હતી. એ વાત ખરી છે કે, આ પ્રકારની ઈજાઓ જો વ્યકિત સામાન્ય રીતે પડી જાય અથવા હાર્ટ અથવા બલ્નટ સાથે અથડાઈ તો થઈ શકે. એ વાત ખરી નથી કે, મને જે હિસ્ટ્રી દર્દીએ લખાવેલ તેમાં આરોપીનું નામ જણાવેલ નથી.

(૧૫) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ જીવીબેન હાજાભાઈ કડછાને આંક–૬૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા.૧૭/૧૨/૧૯ ના રોજ અમો કિર્તીમંદિર પો.સ્ટે. ખાતે પી એસ ઓ તરીકે અમારી ફરજ પર હાજર હતા તે દરમ્યાન કિર્તીમંદિર પો.સ્ટે.ના પી.આઈ.શ્રી એમ ડી ચૌધરીનાઓએ પોતાના રૂબરૂ મયુર જીવાભાઈ ભાદરવાડાની લીધેલી ફરીયાદ ગુન્હો રજી. કરવા અમારા તરફ મોકલી આપતા અમોએ આરોપી આકામ ભીખુભાઈ જુંગી વિરૂધ્ધ કિર્તીમંદિર પો.સ્ટે. હેઠળ ગુન્હા રજી. નં.સેકન્ડ ૨૪૯/૧૯ થી ઈ.પી.કો.કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)આર, એસ, ૩(૨)(૫–એ) મુજબ સ્ટેશન ડાયરીમાં ગુન્હો રજી.કરેલ તેમજ સદર ગુન્હાની આગળની તપાસ સંભાળવા ના.પો.અધિ.શ્રી એસ.સી. એસ.ટી.સેલને ડેપ્યુટ હુકમ કરેલ તે અંગેનો મેસેજ કરેલ તેમજ કિર્તીમંદિર પો.સ્ટે.હેઠળ નોંધાયેલ ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ કરેલ તેમ જણાવે છે અને પોતે કરેલ કાર્યવાહી અંગેના દસ્તાવેજી પુરાવાઓ આંક–૬૪ થી ૬૭ સુધીના રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, એ વાત ખરી છે કે, અમોએ સ્ટેશન ડાયરીમા ઉતારો કરેલ તથા તેની તપાસ સોંપેલ તે સિવાય અમોએ કોઈ કામગીરી કરેલ નથી.

(૧૬) આ કામમાં ફરીયાદપક્ષે આ ગુનાની ફરીયાદ લેનાર સાહેદ મોહનભાઇ દેવશીભાઇ ચૌધરીને આંક–૬૮ થી તપાસેલ છે તેઓના જણાવ્યા મુજબ તેઓએ ભાવસિંહજી હોસ્પીટલમાં જઇ ફરીયાદીની પોતાના રુબરુની ફરીયાદ લીધેલાનું જણાવે છે. ફરીયાદપક્ષના સાહેદ ત.ક.અ. અશોકકુમાર રાયચંદદાસ પટેલને આંક–૭૩ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓએ હાલના ગુનાની તપાસ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ, અટક પંચનામાની વિગતે અરોપીને અટક કરેલ તેમજ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોય નામ. કોર્ટ સમક્ષ આરોપી વિરૃધ્ધ ચાર્જશીટ રજુ કરેલ તેમ જણાવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા એ જાહેર સ્થળ છે. એ વાત ખરી છે કે, ત્યાં ઘણી દુકાનો આવેલ અને પેટ્રોલપંપ આવેલ છે. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાના કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદન ફરીયાદ મુજબ મે મારી જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, બનાવવાળી જગ્યાનુ પંચનામુ પાછળથી પોલીસ સ્ટેશનમાં લખીને પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૧૭) આમ ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી બનાવની હકીકતોને સમર્થન આપે છે અને આરોપી દ્વારા તેને અપશબ્દો બોલી ઢીકકાપાટુનો માર મારેલાની હકીકત સરતપાસમાં જણાવે છે. વધુમાં ફરીયાદીના જણાવ્યા

મુજબ બનાવ સમયે તેમના મીત્ર પ્રવિણ સાદીયા બનાવ સ્થળે તેઓ સાથે જ હતાં પરંતુ ફરીયાદપક્ષે સદર સાહેદને તપાસવામાં આવેલ નથી. ફરીયાદીની ઉલટ તપાસની હકીકતોને ધ્યાને લેતા બનાવ સ્થળ એ જાહેર વિસ્તાર અને અવરજવારવાળો વિસ્તાર છે તેમ છતાં તેવા કોઇ સાહેદોને ફરીયાપક્ષના સમર્થનમાં તપાસવામાં આવેલ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ સાહેદ આશીષભાઇ ગોવિંદભાઇ મકવાણાનો પુરાવો વંચાણે લેતા આરોપી ફરીયાદીને ગાળો આપતા હતાં અને માર મારતા હતાં તેવી હકીકત જણાવે છે અને તે સમયે ત્યાં પ્રવિણ સાદીયા પણ હાજર હતાં પરંતુ તેઓને આ ક્મે તપાસવામાં આવેલ નથી. વધુમાં સદર સાહેદની ઉલટ તપાસની હકીકતોને ધ્યાને લેતા બનાવવાળી જગ્યાએ માણસો અને વાહનોની અવર જવર રહે છે તેવી હકીકતો સ્વીકારેલ છે પરંતુ તેવા કોઇ સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી કે તેવા કોઇ સાહેદોને તપાસવામાં આવેલ નથી વધુમાં સદર સાહેદના સ્વીકાર્યા મુજબ પોલીસે તેઓને નિવેદન લેવા માટે બોલાવેલ જ નથી તેવી હકીકત હોય ત્યારે સદર પુરાવાને આધારે  આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ મેડીકલ ઓફીસરનો પુરાવો વં ચાણે લેતા ફરીયાદીને થયેલ ઇજા સાદી ઇજા હતી. જો કે હીસ્ટ્રીમાં હાલના આરોપીનું નામ આપેલ છે. પરંતુ બનાવ સ્થળે હાજર પ્રવિણભાઇ કે જેઓ પણ બનાવના ભોગ બનનાર છે તેઓનો પુરાવો આ કામે ઉપલબ્ધ ન હોય રેકર્ડ પર બનાવ અંગેની સ્પષ્ટ અને સત્ય હકીકત રેકર્ડ પર આવતી નથી. આમ મેડીકલ એવીડન્સને આધારે પણ હાલના આરોપી સામેના આક્ષેપો સ્પષ્ટ રીતે પુરવાર થતા નથી. આ કામે ત.ક.અ.શ્રીના

પુરાવામાં સ્વીકાર્યા મુજબ બનાવવાળી જગ્યાની આજુબાજુમાં ઘણીબધી દુકાનો આવેલ છે. બનાવવાળો વિસ્તાર એ જાહેર વિસ્તાર છે ત્યાં માણસોની અવર જવર રહે છે તેમ છતાં પણ આ કામે એવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી કે તેઓને હાલના કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. વધુમા આ કામે તપાસવામાં આવેલ બનાવવાળી જગ્યાના તથા અટક પંચનામાના પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી જેથી ત.ક.અ.શ્રી ધ્વારા કરવામાં આવેલ પંચનામાની હકીકત પુરવાર થતી નથી. આ કામે ફરીયાદી નું અનુ. જાતિનું પ્રમાણપત્ર આ કામે રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા ફરીયાદી અનુ.જાતિના હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ આરોપીએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોવાની કોઇ જ હકીકતો ઉપરોકત ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લ ેતા પુરવાર થતી નથી.

(૧૮) આમ આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ– *૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (આર) (એસ), ૩(૨)(૫–એ)* મુજબનું તહોમતનામુ ફરીયાદ પક્ષ સ્વતં ત્ર, આધારભુત તથા વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૨ તથા નો જવાબ નકારમાં ઠરાવુ છું. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષ ફરીયાદમાં જણાવેલ આક્ષેપો પુરવાર કરી શકતા ન હોય તેમ માની મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરુ છું.

**: આખરી હુકમ :**

૧. આ કામના આરોપી આકાશ ભીખુભાઇ જુંગીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫ (૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ- *૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧) (આર) (એસ), ૩(૨)(૫-એ)* મુજબના સજાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિમયની કલમ-૪૩૭(એ) અન્વયે ઉપરની અદાલતમાં અપીલ કે રીવીઝનના કામે જરૂર પડયે હાજર રહેવા માટે રુા.૧૦,૦૦૦/- (અંકે રુપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૦૧ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા. ૦૧-૦૪-૨૦૨૬.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (એટ્રો.)
પોરબંદર.
GJ00701